## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારી સરકારમાં આવો ચોપરા હતો..??
ખાલી પ્રેમ ચોપરા હતો...!!

# બાવાનું રૂપ ધારણ કરી સોનાના દાગીના સેરવી લેતો શખ્સ પકડાયો

## પોલીસે શખ્સ પાસેથી સોનાની બે વીંટી કિં.૧,૦૩,૫૦૨ની કબ્જે કરી

ગાંધીનગર, તા.૭

પોતાના સાગરીતો સાથે ગાડીમાં વિવિધ સ્થળો પર બાવાનું રૂપ ધારણ કરી માર્ગમાં આવતા વ્યકિતઓને ધાર્મિક સ્થળનું સરનામું પુછવાના બહાના હેઠળ વાતોમાં ભોળવી વિશ્વાસ કેળવી તેણે પહેરેલા સોનાના દાગીના મેળવી લઈ છેતરપિંડી કરનાર એક શખ્સને સેકટર-૨૧ લાયબ્રેરી પાસેથી એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે શખ્સ પાસેથી સોનાની બે વીંટી કિં.૧,૦૩,૫૦૨ કબ્જે કરી છે. એલસીબી પોલીસે કડીના છેતરપિંડીના ગુનાનો ભેદ ઉકેલી આરોપી સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ તેમજ કોન્સ્ટેબલ ગોવિંદભાઈને સંયુકત બાતમી મળી હતી કે એક શખ્સ પોતાના સાગરીતો સાથે મળી બાવાનો વેશ ધારણ કરી નાગરીકોના દાગીના કઢાવી લેવાની ટેવવાળો છે. તે શખ્સ દાગીના વેચવા માટે સેકટર૨૧ લાયબ્રેરી ખાતે ઉભો




છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાથી કરણનાથ ઉર્ફે બચીયો નટવરનાથ મદારી (ચૌહાણ, રહે.ગણેશપુરા દહેગામ) ને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સની અંગજડતી લેતા તેના ખીસ્સામાંથી પ્લાસ્ટીકની કોથળીમાં મુકેલી સોનાની બે વીંટીમળી આવી હતી. જે અંગે પોલીસે પુછતાછ કરતા યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ ખરતા ગત તા.૩૧-૭-૨૧ ના રોજ સવારે તેના સાગરીતોમાં સાહેબનાથ સમજુનાથ મદારી તેમજ અમરનાથ નટવરલાલ મદારી તેમજ દેવનાથ હજાનાથ મદારી સાથે ગાડી લાઈને બાવાનો વેશ ધારણ કરી નિકળ્યા હતા. તે સમયે કડી કેનાલ પાસે વ્યકિતઓ તેમને મળી હતી. તે વ્યકિતઓને વિરમગામાનો માર્ગ પુછવાના બહાને વાતોમાં લલચાવી તેમની પાસેથી સોનાની વીંટીઓ કઢાવી લીધી હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ. ૧ લાખથી વધુની કિંમતની સોનાની બે વીંટી કબ્જે કરી હતી. આ અંગે કડી ખાતે પોલીસ ફરીયાદ પણ નોંધાઈ હોવાથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ જ પ્રકારની એમ ઓ થી આરોપી અગાઉ રાજકોટ શહેર, ભાવનગર, નવસારી ખાતે કુલ ૪ ગુનામાં પકડાયેલ છે.

# ડ્રાઈવરે કચેરીનો ખોટો સિક્કો બનાવી પાવતી પર મારી ૩૦૦ લીટર ડીઝલ ભરાવ્યું

ગાંધીનગર, તા.૭

શહેરની એક સરકારી કચેરીના ડ્રાઈવરે જાતે ડીઝલની સ્લીપ પર સરકારી કચેરી જેવો પોતે બનાવડાવેલો સિક્કો મારીને ડીઝલ ભરાઈ જતો હોવાનું સામે આવ્યું છે. ડ્રાઈવરે સ્લીપ પર ખોટા સિક્કા મારીને અંદાજીત ૩૦૦ લીટર ડિઝલ ભરાવી દીધુ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં સરકારી કચેરીઓ આવેલી છે. તે પૈકી મોટાભાગની સરકારી ઓફિસની ગાડીમાં પેટ્રોલ-ડિઝલ ભરાવવા માટે સેકટર-૨૧ પેટ્રોલ પંપ ખાતે આવે છે. ગાડીમાં ડિઝલ-પેટ્રોલ ભરાવવા માટે જે તે કચેરી દ્વારા ડ્રાઈવરને સ્લીપ આપવામાં આવે છે. તે સ્લીપને પગલે વાહનમાં ઈંધણ ભરી આપવામાં આવે છે. ત્યારે આજે શનિવારે એક સરકારી કચેરીનો ડ્રાઈવર ડીઝલ ભરાવવા માટે આવ્યો હતો. તે દરમિયાન પેટ્રોલ પંપના કર્મચારીને કચેરીની સ્લીપ આપવામાં આવી હતી. ત્યારે કર્મચારીએ આ પાવતીને પેટ્રોલ પંપના સંચાલક કુલદીપ બારોટને આપવામાં આવતા તેમણે ડ્રાઈવરને પકડી પાડી તપાસ કરી હતી. ડ્રાઈવરને પકડીને તેને કયાં સિક્કા બનાવ્યા તેને સાથે રાખીને તપાસ કરતા જુના સચિવાલય પાછળ મીના બજાર માં ઓવલી યશ એન્ગ્રેવર્સ નામની દુકાનમાં સિક્કા બનાવ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ દુકાનદાર દ્વારા કોઈ પણ પ્રકારના સરકારી ઓફિસના લેટરપેડ વિના સિક્કા બનાવી આપવામાં આવી રહ્યા છે. આ ડ્રાઈવરે ખોટા સિક્કા બનાવી ઓફિસની સ્લીપ ઉપર સિક્કા મારીને આશરે ૩૦૦ લીટર જેટલુ ડીઝલ ભરાવી લેવામાં આવ્યું હતું. આ અંગે પેટ્રોલપંપના સંચાલકે સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# દોલારાણા વાસણા ગામે રામજી મંદિરની જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી બેઠેલા બે ભાઈઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામે શ્રી ખાખ ચોક રામજી મંદિર ટ્રસ્ટની જમીન પર છેલ્લા પાંચ-સાત વર્ષથી ગામના બે સગાભાઈઓએ ગેરકાયેદસર રીતે જમીન પર કબ્જો જમાવી દીધો છે. દોલારાણા વાસણા ગામના બ્લોક સર્વે નં-૨૬૨ નવો નંબર-૭૧૬ ની જમીન મંદિર કે ટ્રસ્ટને પરત ન આપીને જમીન પચાવી બેઠેલા બે ભાઈઓ સામે રામજી મંદિરના ટ્રસ્ટીએ કાનુની લડતના મંડાણ કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્દ્રસિંહ નટવરસિંહ રાઠોડ (ઉં.૭૨) ગામમાં બોરકુવા પર રહે છે અને ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ગામના શ્રી ખાખ ચોકમાં આવેલા રામજી મંદિરના ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. મળતી વિગત મુજબ દોલારાણા વાસણા ગામની સીમમાં સર્વે નં.૨૬૨ નવો નંબર-૭૧૬ ની જમીન શ્રી ખાખ ચોક રામજી મંદિરની આવેલી છે. તેમાં ટ્રસ્ટી તરીકે ઈન્દ્રસિંહ તેમજ ગામના ચાર વ્યકિતઓ છે. આ ટ્રસ્ટનો નોંધણી નં.એ-૧૯૭૧ અમદાવાદનો છે. જયારે આ જમીન વર્ષ ૧૯૫૬ થી મંદિરના નામે ચાલતી આવે છે. તા.૧-૫.૫૬ થી નોંધ ૩૯ થી કબ્જેદાર તરીકે રામજી મંદિરના વહીવટકર્તા રામકૃષ્ણ ગુરૂ રામદાસજી નામ રેકર્ડ પર દાખલ થયેલ છે. ત્યારબાદ સમય જતા અલગ અલગ નોંધ પ્રમાણ મંદિરના વહીવટકર્તા પણ બદલાતા હતા. ટ્રસ્ટી ચિમનલાલ નાનચંદ શાહનું અવસાન થતા અને ટ્રસ્ટી સોમલાલ શંકરલાલે જમીન ગામના કલુસિંહ રઘુસિંહને વાવેતર કરવા માટે આપી હતી. પરંતુ કલુસિંહે ચાર થી પાંચ વર્ષ વાવેતર કર્યું હતું. પરંતુ તેની ઉપજ પેટે મંદિરને કંઈ આપ્યું ન હતું.આ જમીન પરત મેળવી અમરસિંહ બનેસિંહ રૂ.૧૦ હજારની ઉધેર થી જમીનમાં પાંચ વર્ષ વાવેતર કર્યુ હતું. ત્યારબાદ પાણી નહી મળવાથી જમીન મંદિરને પરત કરી હતી. ત્યારબાદ ઉપરોક્ત ટ્રસ્ટીના અવસાન થતા આશરે પાંચ કે સાત વર્ષ અગાઉ દોલારાણા વાસણા ગામના પ્રદિપસિંહ દિલિપસિંહ રાઠોડ અને રણદિપસિંહ દિલિપસિંહ રાઠોડ ટ્રસ્ટની કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના ગેરકાયદેસર જમીનમાં વાવેતર કરે છે. ત્યારબાદ ટ્રસ્ટની નવા સભ્યોની નિમણુંક આવી ગઈ છે.ઉપરોકત જમીનમાં નવા ટ્રસ્ટીના નામ રેવન્યુ રેર્કડમાં આવી ગયા છે. ટ્રસ્ટની જમીનમાં હનુમાનજી તેમજ અંબાજી માતાનુ મંદિર બનાવવા માટે જમીન ડેવલપ કરીને પ્લાન તૈયાર કર્યો છે. જેથી ગેરકાયદેસર કબ્જો જમાવી બેઠેલા ભાઈઓને મંદિરના ટ્રસ્ટીઓ તેમજ ગ્રામજનોએ વાવેતર નહી કરવા અને બાંધકામ માટે જમીન ખુલ્લી કરવા માટે કહેતા તેઓએ જમીન કોઈપણ સંજોગોમાં ખાલી નહી થાય અને પરત આપશે નહી તેમ કહી ધમકી આપતા ટ્રસ્ટીએ લેન્ડ ગ્રેબીંગ એકટ મુજબ ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ નૈલેષ શાહના વડીલ બંધુ રવિન્દ્રભાઈ શાહ તા. ૫મી ઓગષ્ટના રોજ અરિહંત શરણ થયા છે. તેમનું બેસણુ ૯મી ઓગષ્ટના રોજ સોલા ખાતે રાખવામાં આવ્યુ છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે વિકાસ પર્વની ઉજવણી દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના નિર્માણ પામેલ ૨૫૨ આવાસોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

● જિલ્લા મહિલા બાળ વિકાસ સમિતિ દ્વારા આજે પોષણ સપ્તાહ નિમિત્તે વાનગી હરિફાઈનું આયોજન કરાયુ હતુ.

● જિલ્લાભરમાં આજે શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરી અને શૈક્ષણિક કાર્ય કર્યુ હતુ.

● જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિકાસ ખોજ અભિયાન અંતર્ગત કલોલ શહેરમાં રેલી અને ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો.

● ભાજપના પ્રદેશ એકમના વિવિધ પ્રભાગોના સંયોજકોના નામ આજે જાહેર કરાયા છે જેમાં ગાંધીનગર જિલ્લાના પાંચ આગેવાનોનો સમાવેશ કરાયો છે.

● રાજ્યમાં ૨૯ તાલુકા એવા છે જયાં આજે પણ વાવણીલાયક વરસાદ થયો નથી.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

# કલોલમાં વિકાસ ખોજના નામે કોંગ્રેસ દ્વારા રેલી અને દેખાવો યોજાયા

ગાંધીનગર, તા. ૭

રાજ્યની ભાજપ સરકાર પચીસ વર્ષના શાસનની ઉજવણી કરવાને બદલે રૂપાણી સરકારની પાંચ વર્ષની જ ઉજવણી કેમ ? તેવા સવાલ સાથે રૂપાણી સરકારના નવ દિવસની ઉજવણી સામે ગુજરાત કોંગ્રેસ દ્વારા ૯ દિવસના સમાંતર વિવિધ આંદોલનકારી કાર્યક્રમો જાહેર કર્યા છે. જેના ભાગરૂપે આજરોજ તા. ૭/૮/૨૦૨૧, શનિવારે સવારે ૧૧ કલાકે ખૂની બંગલા ચાર રસ્તા, કલોલ ખાતે ‘‘વિકાસ કોનો ?’’ ‘‘વિકાસ ખોજ અભિયાન’’ અંતર્ગત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, વિપક્ષ નેતા રશ્મિજી ઠાકોર, તા.પં. પ્રમુખ ધુળાજી ઠાકોર, શહેર પ્રમુખ અશોકભાઈ પરમાર, કાર્યકારી પ્રમુખ જવાનજી ઠાકોર, વિપક્ષ નેતા શાદુલ્લાખાન પઠાણની આગેવાની હેઠળ શહેર-તાલુકા-જિલ્લા કોંગ્રેસનાં સંયુક્ત ઉપક્રમે ધરણાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ તબક્કે ભાજપ સરકારના વિરોધમાં ભારે સૂત્રોચ્ચાર સાથે નવજીવન કોમ્પ્લેક્ષથી ખૂની બંગલા સુધી રેલી યોજવામાં આવી હતી અને ખૂની બંગલા ચાર રસ્તા ખાતે ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

નિષ્ફળતાઓની ઉજાણી, શરમ કરો રૂપાણી... ‘‘સંવેદનહીન સરકાર‘‘ના નારા સાથે વિરોધ પ્રદર્શન તેમજ ‘‘વિકાસ કોનો?’’ ‘‘વિકાસ ખોજ અભિયાન અંતર્ગત’’ કરીએ સૌના સપના સાકાર, એજ કોંગ્રેસનો મક્કમ નિર્ધાર’’ સાથે ભાજપ હટાવો, ગુજરાત બચાવોની નેમ સાથે દેખાવો યોજીને વિરોધ પ્રદર્શન કારવાનો કાર્યક્રમમાં કલોલ શહેર અને તાલુકાનાં આગેવાનો અને કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા.



શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા શ્રમજીવી પરિવારના બાળકોને ડ્રાયફ્રુટ, બિસ્કીટ, ચોકલેટ તેમજ એજયુકેશન સેન્ટર, સેકટર-૧ના વિશિષ્ટ બાળકોને ખાખરા, ચોકલેટ અને રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.


